NCS Code: 2655.0100, CCode: A02

# અભિનેતા

અભિનેતા શબ્દનો ઉપયોગ ફિલ્મો, ટેલિવિઝન, નાટકો તેમજ અન્ય પર્ફોર્મિંગ આર્ટ્સમાં કામ કરતા મોટાભાગના કલાકારો માટે કરવામાં છે. એક અભિનેતા તેના કામ દ્વારા, અભિનય દ્વારા તેઓ જે પાત્રને ભજવે છે તેને સંપૂર્ણ રીતે રજૂ કરવાનું છે અને તેમના પ્રેક્ષકોને અનુભૂતિ કરાવવાની છે કે આ પાત્ર વાસ્તવિક છે. પ્રેક્ષકોને કથામાં પરોવવાનું કામ અભિનેતાનું છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને નાટકોમાં અભિનય કરવો ગમે છે
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમને ભાષણ આપવાનું ગમે છે
- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાતચીત કરી શકો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩૦,૦૦૦ થી ૯૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ૧૦+૨ પૂર્ણ કરો.

૨. અભિનય/પર્ફોર્મિંગ આર્ટ્સ/સિનેમા વગેરેમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

અભિનય/પર્ફોર્મિંગ આર્ટ્સ/રંગમંચ, અભિનય અને ફિલ્મ નિર્માણ/સિનેમા વગેરે વિષયમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક શિક્ષકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: bit.ly/3Zfqujo

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પ્રોડક્શન હાઉસ, ટીવી સિરિયલ્સ, ફિલ્મ્સ અને ઓ.ટી.ટી. સિરિયલ્સ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમારે અન્ય લોકો સાથે મળીને કામ કરવાની જરૂર પડી શકે છે. મુસાફરી કરવી એ તમારી કામગીરીનો એક ભાગ છે. અંશકાલિન (પાર્ટ-ટાઈમ) કામગીરી તેમજ કરાર આધારિત રોજગારીની તકો ઉપલબ્ધ છે. કામના કલાકો લવચીક હોઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જૂનિયર અભિનેત → અભિનેતા/અભિનેત્રી → સિનિયર અભિનેતા/અભિનેત્રી

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પર્ફોર્મર, આર્ટિસ્ટ, એક્ટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કલા વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમએસયુ, વડોદરા
૨. ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૩. ઉત્કલ યુનિવર્સિટી ઓફ કલ્ચર, ભુવનેશ્વર
૪. રવીન્દ્રભારતી યુનિવર્સિટી, કોલકાતા
૫. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, પુણે
૬. રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ, નાગપુર યુનિવર્સિટી, નાગપુર
૭. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા - નવી દિલ્હી
૮. એસપીયુ, વલ્લભ વિદ્યાનગર, ગુજરાત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. અનુપમ ખેર એક્ટર પ્રિપેયર્સ, મુંબઈ
૨. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, મુંબઈ, કોલકાતા, નોઈડા અને નવી દિલ્હી
૩. બેરી જોન એક્ટિંગ સ્ટુડિયો, નવી દિલ્હી અને મુંબઈ
૪. આઈ.ટી.એમ. યુનિવર્સિટી, ગ્વાલિયર
૫. મહાત્મા જ્યોતિ રાવ ફૂલ યુનિવર્સિટી, જયપુર
૬. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ
૭. એલડી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૮. આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in



મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**નસીરુદ્દીન શાહ** એક પીઢ અને અનુભવી ફિલ્મ અને રંગમંચના અભિનેતા અને દિગ્દર્શક છે. તેમણે શ્યામ બેનેગલની ફિલ્મ નિશાંત સાથે તેમની અભિનય કારકિર્દીની શરૂઆત કરી અને ઉમરાવ જાન (૧૯૮૧), જાને ભી દો યારો (૧૯૮૩) અને અર્ધસત્ય (૧૯૮) જેવી અલગ ચિલો ચાતરતી ફિલ્મોમાં અભિનય કર્યો. તેમણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી આર્ટ્સમાં સ્નાતકની પદવી હાંસલ કરી અને ત્યારબાદ તેઓ દિલ્હીની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં પ્રવેશ મેળવ્યો. શ્રી શાહ પાછળથી ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા, પુણેમાં જોડાયા.*

સ્ત્રોત:https://in.bookmyshow.com/person/naseeruddin-shah/1554

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.